Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—



શેઠ મોહોલાલભાઈ મગનલાલ

અમદાવાદ-હાલ મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ મોહોલાલભાઈ મગનલાલ—અમદાવાદ—(હાલ મુંબઇ)ની જીવનરેખા.

ભારતવર્ષના ઉત્તર ગુજરાતનું પાટનગર અમદાવાદ અનેક જાતના વ્યાપાર, વાણિજ્યનું કેન્દ્ર, વિવિધ શિક્ષણોનું વિદ્યાધામ, અનેક લક્ષ્મીપતિઓના સુંદર આવાસવાળું તેમજ ધાર્મિક પ્રવૃત્તિવાળું સુપ્રસિદ્ધ નગર છે. આ વિખ્યાત નગરમાં સેંકડો વર્ષોથી અનેક વિદ્વાન્ આચાર્યદેવો, પવિત્ર મુનિપુંગવોના આવાગમનથી પવિત્ર થયેલ, અનેક અનુપમ જિનમંદિરોથી વિભૂષિત, અનેક દાનવીરો, શ્રદ્ધાળુ નરરત્નોવડે દેદીપ્યમાન એવી વર્તમાનકાળમાં ગણાતી શ્રેષ્ઠ જૈનપુરીમાં પરમ શ્રદ્ધાળુ ધર્મરસિક, પુણ્યપુરુષ શ્રેષ્ઠીવર્ય પિતા મગનલાલભાઈ દોલતરામ અને શ્રીમતી રૂક્ષ્મણી બ્હેનની કુક્ષિમાં સં. ૧૯૫૦ ના આસો સુદી ૧૦ ના રોજ જન્મ થયો હતો. દશેરા જેવા પવિત્ર દિવસે જન્મ થવો તે પુણ્યની નિશાની છે. લઘુવયમાં સામાન્ય શિક્ષણ લઇ તેર વર્ષની વયે અમદાવાદમાં કાપડના ધંધામાં જોડાયા અને થોડા વર્ષો બાદ વ્યાપારની વૃદ્ધિ અર્થે મુંબઈ જઇ વ્યાપાર–ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને સામાન્ય સ્થિતિમાંથી પૂર્વ પુણ્યોદય અને કુશાગ્રબુદ્ધિથી ધર્મશ્રદ્ધાવડે દિવસાનુદિવસ વ્યાપારની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી અને લક્ષ્મીદેવી પણ પ્રસન્ન થયા. વંશપરંપરાથી પ્રાપ્ત થયેલા જૈન સંસ્કારવડે ધર્મપરાયણતાની વૃદ્ધિ, ઉપાશ્રયો, જિનમંદિરો અને બંને પ્રકારના કેલવણીના ક્ષેત્રમાં ગુપ્ત અને જાહેર સખાવતોવડે મનુષ્ય-જન્મનું સાર્થક આત્મકલ્યાણ સાધવા લાગ્યા. તેમાં ધાર્મિક કેલવણીપ્રિયતા તો શેઠશ્રી મોહોલાલભાઇની અસાધારણ દેખાઈ, તેથી એક સારા પ્રતિષ્ઠિત વ્યાપારી, જૈન સમાજના અગ્રેસર ગણાવા લાગ્યા જેથી મુંબઈમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ મંદિરના પ્રથમ અને હાલ ટ્રસ્ટી, ચિતોડ જૈન ગુરુકુળ અને પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના પ્રમુખ, શ્રી કલ્યાણ ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર ( ચોપાટીના ) ટ્રસ્ટી, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પેટ્રન, મુંબઇ શ્રી વીશાશ્રીમાલી મંડળ અને કાપડ જૈન મિત્ર મંડળના પ્રમુખ, શ્રી શકુંતલા જૈન કન્યાશાળાના પેટ્રન, મુંબઇ શ્રી સિદ્ધચક્ર આરાધક સભાના ઉપપ્રમુખ–વગેરે ધાર્મિક સંસ્થાઓમાં વરણી થઈ. હાલ શેઠ સાહેબ મુંબઇ મૂળજી જેઠા મારકેટમાં કાપડની સુપ્રસિદ્ધ પેઢી ચલાવે છે.

શેઠ સાહેબને ચાર પુત્રો શ્રી પ્રસન્નકુમાર, હેમેન્દ્રકુમાર, જિનેંદ્રકુમાર અને અવંતીકુમાર, બે પુત્રીઓ અને ધર્મપત્ની શ્રીમતી રસિલાબ્હેન એ સર્વ કુટુંબ ધર્મ શ્રદ્ધાળુ અને આજ્ઞાંકિત છે.

શેઠ સાહેબ મોહોલાલભાઇ સરલહૃદયના, માયાળુ, દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધાવાન્ જૈન નરરત્ન તરીકે સુપ્રસિદ્ધ છે. આવા પુણ્ય પ્રભાવક, શ્રાવક કુલ ભૂષણ શેઠ મોહોલાલભાઈ આ સભાની કાર્યવાહીથી પ્રસન્ન થઈ આ સભાના માનવંતા પેટ્રન થયા છે, જે માટે સભા ગૌરવ લેવા સાથે આભાર માને છે. પરમાત્માની પ્રાર્થના છે કે શેઠશ્રી દીર્ઘાયુ થઈ આર્થિક, શારીરિક અને આધ્યાત્મિક લક્ષ્મી વિશેષ વિશેષ, પ્રાપ્ત કરી આત્મકલ્યાણ સાધે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૮. માર્ગશીર્ષ પુસ્તક ૪૯ મું.

વિક્રમ સં. ૨૦૦૮. :: તા. ૧૫ મી ડીસેમ્બર ૧૯૫૧ :: અંક ૫ મો.

## શ્રી પાર્શ્વજિનેશ્વર સ્તવન.

( રાગ રઘુપતિ રાઘવ રાજા રામ )

કાશી દેશ વણા રસી ધામ, જન્મ્યા પ્રભુજી પાર્શ્વકુમાર
પાશ્વકુમાર પાર્શ્વકુમાર, ભાવે ભજ તું પાર્શ્વકુમાર
કાશી દેશ. ૧

જગ આનંદી જગ આધાર, પોષ વદિ દશમાદિન ચાર
વામા દેવીકે મલ્હાર, અશ્વસેન કુલના શણગાર
કાશી દેશ. ૨

મંત્ર સુણાવીને નવકાર, અગ્નિ જલંતો નાગ ઉગાર
તાર્યાં તે અપરાધી અપાર, સેવકનો કિમ કરો વિસાર
કાશી દેશ. ૩

પાસ જિણંદા મેરે સ્વામ, મહેર કરી મુજ કરો ઉદ્ધાર
જંબૂ વિનંતિ કરો સ્વીકાર, આપો શાશ્વત પદ અણાહાર
કાશી દેશ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજયાનંદસૂરિશ્વર તમને લાખ્ખો પ્રણામ.

૧૮૯૨ વિક્રમ વરસે, ચૈતર સુદિ એકમના દિવસે;
થયો જન્મ સુખકાર. તમને૦ ૧
ગણેશ-રૂપાંદેવી જાયા, જીરમાં ઉછરી કાયા;
રહી ઘેર ઓસવાળ. તમને૦ ૨
ગંગારામ-જીવણ સહવાસે, ગ્રહી દીક્ષા ઢુંઢક મત પાસે;
ઉંમર વર્ષ અઢાર. તમને૦ ૩
મુનીમાર્ગમાં ગલતી પેખી, બુદ્ધિથકી એ સઘળું દેખી;
જ્ઞાન કર્યું તૈયાર. તમને૦ ૪
દેશ હિંદ વિષે વિચરીને, વિવેક યુક્તિવાદ કરીને;
ભાન કર્યું સાબીત. તમને૦ ૫
બુટેરાય, વૃદ્ધિ, મુળચંદે, ગ્રહ્યો માર્ગ એ મનથી વંદે;
સ્થીર રહ્યા ગુરુ કાજ. તમને૦ ૬
૧૯૩૨ વય ચાલીસે, રાજનગરમાં ગુરુની પાસે;
દીક્ષા તપગચ્છ થાય. તમને૦ ૭
રાહુ ઘેરી છાંયા જાતાં, કીરણ ચંદ્ર તણાં ઉભરાતાં;
તેમ પ્રકાશ્યાં આપ. તમને૦ ૮
ચીકાગોની ધર્મ સભામાં, જાવા હોંશ ઘણી હૈયામાં;
રહ્યા ધરી ઉપયોગ. તમને૦ ૯
સિદ્ધક્ષેત્રમાં જ્ઞાની આવ્યા, સંઘે સૂરિપદથી બીરદાવ્યા;
ઉંમર હતી વનદાર. તમને૦ ૧૦
૧૯૫૩ વિક્રમ વરસે, જેઠ સુદિ સાતમના દિવસે;
દેવ થયા મધરાત. તમને૦ ૧૧
બાકી રહી જે જે ગુરુ આશા, ધરી રૂપ વલ્લભસૂરિ ભાષા;
અમર કર્યા ગુરુદેવ. તમને૦ ૧૨

લી૦ શાહ મોહનલાલ હ. શીહોરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Your presence is cordially invited

TO

# AN EXHIBITION OF OLD PALM-LEATMANUSCRIPTS

# and

# WRITING MATERIAL

AT

## The National Museum of India

IN THE STATE ROOMS OF

## The Govt. House, New Delhi

ON

Saturday, 24th February, 1 p. m. to 5 p. m.

Sunday, 25th February, 11 a. m. to 5 p. m.

### AN EXHIBITION OF OLD PALM-LEAF MANUSCRIPTS

These manuscripts belong to the Jina Bhadra Jñāna Bhandar, an ancient library established in the 15th century at Jaisalmer as part of a Jain temple establishment. The library contains some of the oldest manuscripts known in India going back to the 10th century A. D. and has remained almost sealed to the public from the 15th century, which partly accounts for its preservation intact. The distinguished Jain scholar Muni Punya Vijaya Ji, through his personal influence persuaded the custodians of this library to have the manuscrits not only properly examined and catalogued, but also preserved for posterity and multiplied for scholars with the aid of microfilming. Accordingly, important select manuscripts of palmleaf were brought to New Delhi and have been microfilmed through the special facilities provided by the Ministry of Commerce and the authorities of the Administrative Intelligence Room, Queensway, New Delhi.

Before sending back the manuscripts to their traditional custody Jaisalmer to be kept in specially designed new aluminium containers,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



an opportunity has been taken to put them on view in an Exhibition open to the public under the auspices of the National Museum of India with the kindness of Sir Fateh Chand Belaney, who has organised the microfilming arrangements.

The manuscripts were specially seen by the Hon'ble Dr. Rajendra Prasad who evinced keen interest in their future preservation and publication.

The collections of the Jaisalmer Bhandar consists of 402 manuscripts on palm-leaf and more than 1000 on paper together with a number of beautifully painted wooden book-covers, which have been sent to Bombay for coloured reproduction. The Bhandar is considered to be the oldest amongst all the Jain manuscripts collections in this country so far known, containing a number of important manuscripts of the 11th, 12th and 13th centuries

Besides collecting Jain religions texts, the Bhandar was founded with a more eclectic aim and therefore it contains manuscripts relating to the systems of Indian philosophy like Sāṇkhya, Mimāṁsā, Vaiśeshika, Nyāya and Yoga, and also works on Poetry, Rhetoric, Metres, Drama, Romance, Literature, Stories, Lexicons, Grammar, etc. A new commentary of about the 14th century on the *Arthasāstra* of Kautilya has been discovered in this Bhandar. When properly edited, it is expected to throw new light on the continuity of the textual tradition of the *Arthasāstra* in India. As is known, the *Arthasāstra* was *discovered* by the late Dr. Shama Shastri only about forty years ago.

For the first time a manuscript library in India has brought to light Buddhist Sanskrit texts on philosophy, a voluminous literature preserved in original in Nepal and in translations in Tibet and China, but lost in its homeland. A palm-leaf manuscript of *Nyāya-Praveśa* of the famous Buddhist philosopher Diṅnāga, written in 1146 A. D. as well as the *Tattvasaṅgraha* of Kamalaśila, Principal of the Nalanda University with his own commentary dated 12th century ( the only known copy in the world) and some other works are on view in the Exhibition.

There are some manuscripts discovered for the first time, e. g. two new commentaries on *Sāṅkhya-Saptati* and a Bhashya on the *Ogha-Niryukti*. The author's copy of a commentary by Kanak Vijaya on Hema

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Chandra's Grammar dated 1214 A. D. is also on show. There are other manuscripts from this collection in the Exhibition, the dates of which coincide with the dates of their first composition and these belong to the early part of the 12th century. The manuscript of the *Nishitha-Sūtra* ( 12th century A. D. ) is the personal copy of the famous Jain pontif Sri Jina Datta Suri.

Of even greater interest are the several manuscripts of old romance literature. e. g. *Tilaka-mañjarī*, of Dhanapala ( 1073 A. D.), *Śriṅgāra-mañjarī* by the famous king Bhoja (a beautiful new love romance with a good deal of cultural documentation of the 11th century), *Kuvalaya-mālā-kahā* by Udyotana Sūri ( 1082 A. D. ) *Vāsāvadattā* by Subandhu ( 1150 A. D.), *Saṁvega-Raṅga-sālā* by Jina Chandra Sūri ( a new and unpublished story book in prākrit relating to love and renunciation, dated 1150 A. D ), *Vilāsavatī-kathā* in Apabhraṁśa, *Samarāditya-kathā* ( Prakrit, dated 1193 A. D.) and *Nirvāna-lilavatī* ( dated 1208 A. D.),

The manuscript of the Nārāyanī commentary on the *Naishadh-Charita* was written in 1303 A. D., only eight years after its composition. A composite manuscript of 615 palm-leaves preserves the whole gamut of Nyaya literature consisting of the Bhāshya of Vātsyāyana, Vārttika of Bhārdvāja, Tātparyatīkā by Vāchaspati, Tātparyapariśuddhi by Udayana and Nyāya Tippaṇaka by Śrīkaṇṭha.

The entire literature of the Jain Aṅga texts in Ardhamāgadhī with Prakrit and Sanskrit commentaries is represented in manuscripts written between 1064 and 1174 A. D.

This colloection also shows the oldest paper manuscript so far found in India ( dated 1189 A. D. ) of a work called *Karmagrangtha Tippaṇa*.

The longest palm-leaf manuscript in the exhibition is of 34" written in perfectly preserved black ink. Palm leaf was specially imported from Indonesia during the medieval period and was called Sri-tāla Each leaf has four or eight lines of writing. The script of the manuscripts is Devanagari of the 11th-12th century.

Some specimens of old writing material are also on show.

V. S. AGRAWALA,
Superintendent.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતવર્ષની રાજધાનીમાં પ્રાચીન પ્રતોનું પ્રદર્શન.

## દિલ્હીમાં જેસલમીર જ્ઞાનભંડારની તાડપત્રીય પ્રતો.

( ઈંગ્રેજી ઉપરથી અનુવાદ. )

જેસલમેરમાં, પૂર્વે ૧૫ મા સૈકામાં જિનભદ્ર જ્ઞાનભંડાર, જૈનમંદિરના એક વિભાગ તરીકે સ્થાપવામાં આવ્યો હતો, તે પુરાતન પુસ્તકાલયમાંની આ હસ્તલિખિત પ્રતો છે. હિંદુસ્થાનની જૂનામાં જૂની હસ્તલિખિત–કેટલીક તો ૧૦ મી સદીમાં લખાયેલી–પ્રતો આ પુસ્તકાલયમાં છે અને પંદરમા સૈકા પછીથી, આ પ્રતો જાહેરમાં લોકોને બતાવવાની પણ બંધ થઇ ગઇ. કદાચ આ કારણને લઇને જ આ પ્રતો જળવાઇ રહી છે. સુપ્રસિદ્ધ **જૈન વિદ્વાન્ મુનિમહારાજ પુણ્યવિજયજી** પોતાની અંગત લાગવગ ચલાવીને, આ પુસ્તકાલયના રખવાળોને સમજાવી શકયા કે આ હસ્તલિખિત પ્રતોનું બરાબર નિરીક્ષણ તથા પરીક્ષણ કરીને તેમનું વર્ગીકરણ કરવું જોઇએ કે જેથી તે ભવિષ્યમાં ઉપયોગી નીવડે અને તદુપરાંત ભવિષ્યના વિદ્વાનો અને લોકોની પેઢી દર પેઢી તેનો ઉપયોગ કરી શકે. આમ થઈ શકે તે સારુ આ પ્રતોની માઈક્રોફિલ્મની મદદવડે સંખ્યાબંધ નકલો કાઢવી જોઈએ. આ સૂચના અનુસાર આ પ્રતોમાંહેથી કેટલીક અગત્યની ચૂંટી કાઢેલી તાડપત્રીય પ્રતોને નવી દિલ્હી લઇ જવામાં આવી અને માઇક્રોફિલ્મ પ્રોસેસ( પ્રક્રિયા )વડે નવી પ્રતો તૈયાર કરવામાં આવી આ કાર્યમાં હિંદ સરકારની મીનીસ્ટ્રી ઑફ કૉમર્સ અને એડમીનીસ્ટ્રેટીવ ઇન્ટેલીજન્સ રૂમ, કવીન્સવેના સત્તાવાળાઓ તથા અમલદારોએ સહાય આપી હતી.



**મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજી.**

આ પ્રતોને ખાસ એલ્યુમીનીયમના બનાવેલા ડાબલામાં રાખવા જોગવાઈ કરવામાં આવી છે અને અસલ નિવાસસ્થાને એટલે કે જેસલમેર જ્ઞાનભંડારમાં મોકલી દેવાયા પહેલાં

---

* Your presence is cordially invited to
An Exhibition the old Plam–leaf Manuscripts and Writing Material At
The National Museum of India
in the State rooms of the Govt. House,
New Delhi, 24th, 25th February.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાહેરમાં લોકો તે પ્રતોને જોઇ શકે તે સારુ, શ્રી ફતેહચંદ બેલાણી કે જેણે માઇક્રોફિલ્મની વ્યવસ્થા કરી હતી તેની ઉદાર સહાયવડે નેશનલ મ્યુઝીયમ ઑફ ઇંડીયાના ઉપક્રમ હેઠળ એક પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

માનનીય ડૉ. રાજેન્દ્રપ્રસાદે ખાસ કરીને આ પ્રતો નીહાળી હતી અને પ્રતોની ભવિષ્યમાં કાળજીપૂર્વક જાળવણી માટે અને પ્રકાશન માટે પોતાનો ઊંડો રસ વ્યક્ત કર્યો હતો. જેસલમેર ભંડારના સંગ્રહમાં તાડપત્ર પર લખાયેલ ૪૦૨ હસ્તપ્રતો છે અને કાગળ પર લખાયેલ ૧૦૦૦ થી પણ વધારે છે. તદુપરાંત સુંદર ચિત્રોથી સુશોભિત કરાયેલાં લાકડાનાં ચોપડીનાં ઢાંકણો પણ સારી સંખ્યામાં છે. આ લાકડાંનાં ઢાંકણોને, તેમના પરનાં ચિત્રોની નકલ કરી લેવા માટે મુંબઇ મોકલવામાં આવ્યાં છે. અત્યાર સુધી તો, જૈન હસ્તપ્રતોના ભંડારોમાં સૌથી પ્રાચીન, આ ભંડાર હોય તેમ લાગે છે. આ ભંડારમાં, ૧૧ મી, ૧૨ મી અને ૧૩ મી સદીના અગત્યના હસ્તલિખિત અનેક ગ્રંથો છે.

જૈનોના ધાર્મિક ગ્રંથોના સંગ્રહ ઉપરાંત જૈનેતર સાહિત્યનો પણ સમાવેશ કરવાના આશયથી આ ભંડારની સ્થાપના કરવામાં આવી હતી. તેથી, ભારતીય અન્યદર્શનો, દાખલા તરીકે સાંખ્ય, મીમાંસા, વૈશેષિક, ન્યાય અને યોગનાં પુસ્તકો ( હસ્તપ્રતો ) અને કાવ્ય, અલંકાર શાસ્ત્ર, પદ્યરચના શાસ્ત્ર, નાટયશાસ્ત્ર, નવલિકાઓ તથા કથાઓ, સાહિત્ય, વાર્તાઓ, શબ્દકોશો, વ્યાકરણશાસ્ત્ર વગેરે અનેક વિષયોની હસ્તપ્રતો આ ભંડારમાં છે. કૌટિલ્યના ' અર્થશાસ્ત્ર ' નામના ગ્રંથ ઉપર ૧૪ મા સૈકામાં લખાયેલી એક નવી જ ટીકા આ ભંડારમાંથી મળી આવી છે. જ્યારે તેનું યોગ્ય રીતે સંપાદન (edit) કરીને પ્રસિદ્ધ કરવામાં આવશે ત્યારે હિંદુસ્થાનમાં ' અર્થશાસ્ત્ર 'ના ગ્રંથનું મૂળ ( text ) કયા આધારે નક્કી થયેલ છે તેના પર વિશેષ પ્રકાશ નંખાશે. ડૉ. શામ શાસ્ત્રીને આશરે ૪૦ વર્ષ પહેલાં જ, ' અર્થ-શાસ્ત્ર 'નું મૂળ, સંસ્કૃતમાં આદિથી અંત સુધી સંપૂર્ણ અને શુદ્ધ રીતે જળવાયેલું મળી આવ્યું હતું એ તો બહુ જ જાણીતી હકીકત છે.

હિંદુસ્થાનમાં આ પહેલો જ બનાવ છે કે—આ હસ્તપ્રતોના પુસ્તકાલયમાં તત્ત્વજ્ઞાનને લગતા અને સંસ્કૃતમાં લખાયેલા બૌદ્ધ દર્શનને લગતા ગ્રંથો છે. જે નેપાળમાં, મૂળ સંસ્કૃતમાં લખાયેલ અને સાચવી રાખેલ વિશાળ બૌદ્ધ સાહિત્ય છે, અને હિંદુસ્થાનમાં–પોતાની માતૃભૂમિમાં–નષ્ટપ્રાય થઇ ગયેલું; પરંતુ અનુવાદોદ્વારા ટિબેટ અને ચીનમાં જળવાઇ રહેલું છે તે બૌદ્ધ સાહિત્ય આ ભંડારમાં છે. ઇ. સ. ૧૧૪૯માં સુપ્રસિદ્ધ બૌદ્ધ તત્ત્વજ્ઞાની દિઙ્નાગે લખેલ ' ન્યાયપ્રવેશ ' નામના ગ્રંથની તાડપત્રીય પ્રત, તથા નાલંદા વિદ્યાપીઠના કુલપતિ કમલશીલે લખેલ ' તત્ત્વસંગ્રહ ' કે જેના પર તેણે પોતે જ ટીકા લખી છે, જેની તવારીખ ૧૨મા સૈકાની મનાય છે અને જેની એક માત્ર પ્રત જ જગતમાં પ્રસિદ્ધિ પામેલ છે, તે અને આવા બીજા અનેક ગ્રંથો પ્રદર્શનમાં હતા.

કેટલીક પ્રતો તો જગતે પ્રથમ વાર જ જોઇ હોય એવી છે. દાખલા તરીકે ' સાંખ્ય-સપ્તતિ ' ઉપર લખાયેલી બે નવી ટીકાઓ અને ' ઓઘનિર્યુક્તિ ' ઉપર લખાયેલું ભાષ્ય. ઇ. સ. ૧૨૧૪ માં હેમચંદ્રના વ્યાકરણ ઉપર કનકવિજયે જે ટીકા લખી તેની એક નકલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ પ્રદર્શનમાં છે. જ્ઞાનભંડારના સંગ્રહમાંથી બીજી ઘણીય એવી પ્રતો આ પ્રદર્શનમાં મૂકવામાં આવી છે કે જે મૂળ લેખકોના સમકાલીન સમયમાં જ તૈયાર કરાઇ હોઇ અને ઘણુંખરું તો આ પ્રતો ૧૨ માં સદીના શરૂઆતની હોવી જોઈએ 'નિશીથસૂત્ર'ની પ્રત (૧૨ સૈકામાં) પ્રસિદ્ધ જૈન આચાર્ય શ્રી જિનદત્તસૂરિની અંગત માલિકીની છે.

વળી વધારે જાણવાની રસમય હકીકત તો એ છે કે–પ્રાચીન કથા સાહિત્યને લગતી ઘણી પ્રતો છે. દાખલા તરીકે ધનપાલરચિત (૧૦૭૩ ઈ. સ.) "તિલકમંજરી", પ્રસિદ્ધ રાજા ભોજરચિત શૃંગાર–મંજરી કે જે એક નવી ઢબની પ્રેમ–કથા હોવા ઉપરાંત ૧૧ મી સદીની લોક સંસ્કૃતિની આધારભૂત હકીકતો તેની અંદર આપેલી છે; ઉદ્યોતનસૂરિરચિત (૧૦૮૨ ઇ. સ.) 'કુવલયમાલા કહા' સુબંધુરચિત (૧૧૫૦–ઈ. સ.) વાસવદત્તા; જિનચંદ્રસૂરિરચિત (૧૧૫૦ ઇ. સ.) 'સંવેગરંગશાલા' કે જે પ્રાકૃત ભાષામાં લખાયેલ પણ હજુ સુધી પ્રસિદ્ધ થયેલું નહોતું અને જેમાં પ્રેમ અને ત્યાગ અથવા સંન્યાસનું વર્ણન આવે છે. આ પ્રકારના કથા સાહિત્યની પ્રતો પણ છે. અપભ્રંશ ભાષામાં લખાયેલ 'વિલાસવતી–કથા' અને પ્રાકૃતમાં (૧૧૯૩–ઇ. સ) લખાયેલ 'સમરાદિત્ય કથા' તથા ૧૨૦૮ ઈ. સ. માં લખાયેલ "નિર્વાણલીલાવતી" નામના ગ્રંથો પણ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા.

નૈષધ ચરિત ઉપર ઈ. સ. ૧૩૦૩ માં લખાયેલી નારાયણી નામની ટીકાની પ્રત મૂળ ટીકા લખાયા પછી આઠ વર્ષે જ તૈયાર કરવામાં આવી હતી. ન્યાયશાસ્ત્રનું **આવશ્યક** સાહિત્ય, કે જેમાં વાત્સ્યાયનનું ભાષ્ય, ભારદ્વાજનું વાર્તિક, વાચસ્પતિરચિત તાત્પર્ય ટીકા, ઉદયનરચિત તાત્પર્યપરિશુદ્ધિ અને શ્રીકંઠરચિત ન્યાયટિપ્પણક જેવા ગ્રંથો સમાવિષ્ટ થઇ જાય છે તે પૂરેપૂરું ૬૧૫ તાડપત્રો પર લખાઈને પ્રતો રૂપે જળવાઇ રહ્યું છે.

જૈન ધર્મનાં અંગસૂત્રોનું તમામ સાહિત્ય, મૂળ અને અર્ધમાગધીમાં તથા સાથોસાથ પ્રાકૃત તથા સંસ્કૃત ટીકાઓ સહિત તાડપત્રોમાં ઉતારી લેવામાં આવ્યું છે. આ તાડપત્રીય પ્રતો ૧૦૬૪ ઇ. સ. થી ૧૧૭૪ ઇ. સ. સુધીમાં તૈયાર થયેલ હશે.

આ સંગ્રહમાં કાગળ પર લખાયેલી હિંદમાં મળી આવેલી જૂનામાં જૂની પ્રત (૧૧૮૯ ઇ. સ.) છે. તે પ્રત 'કર્મગ્રંથ ટિપ્પણ' નામના પુસ્તકની પ્રત છે.

પ્રદર્શનમાં મૂકેલી લાંબામાં લાંબી તાડપત્રીય હસ્તપ્રત ૩૪ ઇંચની છે અને સારી રીતે જળવાઇ રહેલી કાળી શાહીમાં લખાયેલી છે. આ તાડપત્રોને મધ્યકાલીન સમયમાં ઇંડોનેશીયામાંથી આયાત કરવામાં આવતા હતા. આ તાડપત્રો 'શ્રીતાલ' નામે ઓળખાતા હતા. દરેક તાડપત્ર પર લખાણની ઓછામાં ઓછી ચાર અને વધારેમાં વધારે આઠ લીટીઓ છે અને લખાણોના લિપિ ૧૧–૧૨ સૈકાની દેવનાગરી લિપિ છે.

કેટલાંક લેખનકળાનાં પ્રાચીન સાધનોને પણ પ્રદર્શનમાં મૂકવામાં આવેલ છે.

વી૦ એસ૦ અગ્રવાલા.

**પ્રદર્શન–અધ્યક્ષ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ, ધંધો નથી.

લેખક:—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જે બીજાને માટે શ્રમ કરાય છે તે ધંધો કહેવાય છે અને પોતાને માટે શ્રમ કરવો તે ફરજ (ધર્મ) કહેવાય છે. જગતમાં નજર ફેરવીએ છીએ તો માનવીઓનો મોટો ભાગ બીજાને માટે શ્રમ કરતો જણાય છે. કંદોઈ વિવિધ પ્રકારની જનમન ગમતી મીઠાઈ બનાવે છે, તે પોતાને માટે નથી બનાવતો. સોની ઘરેણા બનાવે છે, દરજી કપડાં સીવે છે, કુંભાર વાસણ બનાવે છે તે પોતાને માટે નહિ; માટે જ આ બધાયને ધંધાદારીઓ કહેવામાં આવે છે. તેવી જ રીતે સંગીત, નૃત્ય આદિ કળાઓ તથા વિદ્યાભ્યાસ જે બીજાને માટે શીખવામાં આવે છે તે પણ ધંધા જ કહેવાય છે. ખાન–પાન કે સન્માનના આશયથી કળાઓ કે વિદ્યાનો ઉપયોગ કરવામાં આવે તેમાં હિત કે શ્રેયની દૃષ્ટિ ન હોવાથી વૈષયિક વાસના પોષવાનો ધંધો જ કહી શકાય છે.

જનતાની પાસેથી પાંચે ઇંદ્રિયોના વૈષયિક સાધનો મેળવવાના આશયથી જો જપ, તપ, આદિ ધાર્મિક પ્રવૃત્તિયો કરવામાં આવતી હોય તો તે પણ એક પ્રકારનો ધંધો જ કહી શકાય, પણ ધર્મ કહી શકાય નહિં. તાત્પર્ય કે–કષાય તથા વિષયને આધીન થયેલો પુદ્ગલાનંદી જડાસક્ત અનાત્મજ્ઞ જીવ પારલૌકિક પૌદ્ગલિક સુખ માટે તપ–જપ આદિ આર્થિક પ્રવૃત્તિ આદરે તો તે પુન્ય કર્મ બાંધતો હોવાથી એક દૃષ્ટિથી તેની પ્રવૃત્તિ ધર્મ કહી શકાય પણ માત્ર કાન, આંખ, જીભ આદિ પાંચે ઇંદ્રિયોમાંથી કોઇ પણ ઇંદ્રિયના ઐહિક વિષય સુખ માટે જો જપ–તપ–ત્યાગ આદિ ધાર્મિક પ્રવૃત્તિ આદરતો હોય તો તે ધંધો જ કહેવાય પણ ધર્મ ન કહેવાય. કાન–આંખ તથા જીભનો વિષય પોષવાના હેતુથી શરીરમાં કષ્ટ અનુભવાય તેથી તપ–ત્યાગ જેવી પ્રવૃત્તિને જ્ઞાની પુરુષો અજ્ઞાન કષ્ટ કહે છે પણ ધર્મ નથી કહેતા, પરંતુ ભાવી જન્મમાં પૌદ્ગલિક સુખની કામનાથી કામીને કષ્ટ થાય તેવી તપ આદિ આચરણાને પુન્યોપાર્જનની દૃષ્ટિથી ધર્મ કહે છે. તાત્વિક દૃષ્ટિથી તો અધ્યવસાયની શુદ્ધિથી થવાવાળા આત્મવિકાસને ધર્મ કહેવામાં આવે છે, અને તેથી વિકાસ-સાધક પ્રવૃત્તિને ધાર્મિક વ્યાપાર તરીકે ઓળખાવ્યો છે. અને જે પુન્યોત્સાહક પ્રવૃત્તિને ધર્મ સંજ્ઞા આપી છે તે માત્ર સુખના સંકેતની સહૃજ્ઞતાને લઇને છે. સામાન્યપણે સુખ શબ્દમાં આત્મિક તથા પૌદ્ગલિક બંને સુખોનો સમાવેશ થાય છે. આત્મિક સુખ આત્મસ્વરૂપ હોવાથી સત્ય, નિત્ય તથા શુદ્ધ છે અને પૌદ્ગલિક સુખ મિથ્યા, ક્ષણિક તથા કૃત્રિમ હોવાથી અશુદ્ધ છે. આ પ્રમાણે બંને પ્રકારના સુખમાં સ્વભાવભેદ હોવા છતાં પણ નામ અભેદ હોવાથી પુન્ય કર્મજન્ય પ્રવૃત્તિને ધર્મની કક્ષામાં મૂકી શકાય છે. પણ વર્તમાન દેહમાં જ વૈષયિક વાસના પોષવાના આશયથી કરવામાં આવતા તપ–જપ–ત્યાગ આદિ પ્રવૃત્તિથી આકર્ષાઇને ઇચ્છાનુસાર ખાન, પાન, સન્માન તથા પ્રશંસા આદિ મનગમતા પૌદ્ગલિક સુખના સાધન જનતાની પાસેથી મેળવીને સંતોષ માની સુખનું મિથ્યાભિમાન ધરાવનારાઓની આભાસ થતી માત્ર બાહ્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક જેવી દેખાતી પ્રવૃત્તિયોને ધર્મની કક્ષામાં મૂકી શકાય નહિં, દેહાંતરમાં પુન્યના ફળરૂપ પૌદ્ગલિક સુખના સાધન મેળવનારની જ ધાર્મિક પ્રવૃત્તિ કહી શકાય, કારણ કે દેહાંતરમાં પૌદ્ગલિક સુખ મેળવી આપનાર પુન્ય કર્મ આર્થિક પ્રવૃત્તિથી બંધાતું હોવાથી તેને ધર્મ કહેવામાં આવે છે.

આત્મ દૃષ્ટિ જપ–તપ–ત્યાગ આદિ ધાર્મિક પ્રવૃત્તિથી નિર્જરાસ્વરૂપ કર્મનો ક્ષય કરીને આત્મ શુદ્ધિ મેળવે છે તેથી તેમને ભોગવવા જેવું કાંઈ પણ હોતું નથી. તેઓ આત્મસ્વરૂપ સુખ-શાંતિ–આનંદના ભોક્તા હોય છે પણ પુન્ય કર્મજન્ય પૌદ્ગલિક સુખના ભોક્તા હોતા નથી તેથી તેમની પ્રવૃત્તિ તાત્વિક ધર્મ કહેવાય છે. આત્મદૃષ્ટિમાં ગ્રાહકપણું અવ્યાબાધ સુખનું હોય છે પણ વિષય સુખનું હોતું નથી; સ્વામીપણું અનંત જ્ઞાનાદિ સંપદાનું હોય છે પણ ધન–સ્ત્રી આદિ પરભાવનું નહિ, વ્યાપકપણું આત્માનંદ તથા તેની સાધનમાં હોય છે પણ વિષયાદિ પરભાવમાં હોતું નથી, સ્વભાવનું ભોક્તાપણું હોય છે પણ પરભાવનું નહિ. કારણપણું પોતાના શુદ્ધ સ્વરૂપના ઉપાદાનનું હોય છે. આઠ કર્મરૂપ ઉપાધિના ઉપાદાનનું નહિ. અને કર્તાપણું સંવર નિર્જરારૂપ કાર્યનું હોય છે પણ આઠ કર્મરૂપ કાર્યનું હોતું નથી. માટે આત્મદૃષ્ટિની પ્રવૃત્તિ માત્ર તાત્વિક ધર્મ કહેવાય છે; પણ જડાસકત પુદ્ગલાનંદીની પ્રવૃત્તિ વૈષયિક વાસના પોષવાવાળી હોવાથી દેખીતી રીતે ભલે ધાર્મિક હોય પણ તાત્વિક ન કહેવાય.

વૈષયિક વસ્તુઓની અસરને લઈને થવાવાળી રાગ–દ્વેષની લાગણીથી ભોગની કે ત્યાગની અવસ્થામાં જડાસક્તપણું જાણી શકાય છે. જડાસક્તિ સિવાય રાગદ્વેષની લાગણીઓ થાય નહિ. વૈષયિક વસ્તુઓના સંબંધમાં જેટલે અંશે રાગ–દ્વેષની મહત્તા તેટલે અંશે જડાસક્તિની પણ મહત્તા હોય છે, શુભ વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શવાળી પુદ્ગલોથી બનેલા ખાન–પાન–વસ્ત્ર તથા મકાન આદિની પ્રાપ્તિથી, સુખના મિથ્યાભિમાનથી અન્યને તુચ્છ માનનાર પછી તે ભોગી હો કે ત્યાગી હો જડાસક્ત જ કહી શકાય, અને તે પુદ્ગલાનંદીપણે જડનો દાસ હોવાથી નિર્બળ આત્મા કહેવાય પણ નિર્મળ ન કહી શકાય; કારણ કે નિરંતર જડ કાર્યથી લેપાતો આત્મા નિર્મળ નહિ પણ નિર્બળ જ હોઈ શકે છે. જડાસક્તિથી લોભ ઓછો થવાને બદલે વધતો જાય છે, વિરક્તિ સિવાય જડાસક્તિ ટળી શકતી નથી, અને જડાસક્તિ સિવાય આત્મગુણઘાતક કર્મબંધન હેતુભૂત અછતા ગુણોની આરોપિત પ્રશંસાથી પ્રસન્ન થવાય નહિ, તેમજ અનધિકારીપણે અયોગ્ય માન મેળવી ગર્વાધીન થવાય નહિ.

બાળ જીવ સુલભ માત્ર બાહ્ય તપ–ત્યાગાદિ પ્રવૃત્તિ લૌકિક વ્યવહારથી ધર્મ કહી શકાય પણ લોકોત્તર વ્યવહાર કાંઈક મતભેદ ધરાવે છે; કારણ કે લોકોત્તર વ્યવહાર જયણાનો આદર કરે છે પણ લૌકિકમાં જયણા જેવું કશું ય હોતું નથી. જયણાના પક્ષપાતી પુદ્ગલાનંદી પણ હમેશાં જીવ વિરાધનાથી વિરક્ત હોય છે. વિરાધનાના ભયથી તેઓ વર્તમાન દેહમાં જીવોની વિરાધનાવાળી કહેવાતી ધાર્મિક પ્રવૃત્તિનો આદર કરતા નથી; પણ પારલૌકિક પૌદ્ગલિક સંપત્તિ મેળવવાના હેતુથી તેમની ધાર્મિક પ્રવૃત્તિ નિરારંભી હોય છે, માટે જ તે લોકોત્તરમાં ગણાય છે. જો કે કર્મની નિર્જરા થાય તેવી પ્રવૃત્તિ માત્ર તાત્વિક દૃષ્ટિથી ધાર્મિક પ્રવૃત્તિ કહેવાય છે; કારણ કે સાચી સમજણ આપનારા જ્ઞાની પુરુષો આત્મશુદ્ધિથી થવાવાળા આત્મવિકાસને ધર્મ તરીકે ઓળખાવે છે, તેથી વિકાસની દૃષ્ટિથી શ્રમ કરનારાંનો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " જૈન શાસનના જ્યોતિર્ધરને અન્યાય "

( લેખક:—મુનિરાજશ્રી ભાનુવિજયજી-લાલબાગ, મુંબઇ )

**આત્મોત્કર્ષ વિરુદ્ધ આત્મોન્નતિ**–સંસારી જીવને બાહ્યભાવના અનેકવિધ લાગણીઓ મનોનિષ્ઠ બનેલી હોય છે, એમાં આત્મોત્કર્ષની એક ભાવના જ્યારે એને પ્રબળતાથી પીડે છે, ત્યારે એનો ભોગ બનેલ માણુસ પોતાની જાતને આગળ લાવવા કેટલીક વાર મહાન માન્ય સ્થાનોને પણ અઘટિત અન્યાય આપી દે છે, પરંતુ એ વખતે એને એ ખ્યાલ નથી રહેતો, કે જ્યારે એવા કુપ્રયત્નમાં રહેલી યુક્તિબાહ્યતા કે અજ્ઞતા પ્રગટ થશે, ત્યારે આત્મોત્કર્ષને સ્થાને આત્માપકર્ષનો અર્થાત્ જાતની નાલેશીનો કરુણ અંજામ નીપજશે, જે દુઃસહ્ય હશે. દા. ત. કોઇ સમર્થ પૂર્વાચાર્યના ગ્રન્થમાં કલ્પિત ભૂલો કે ન્યૂનતા ઊભી કરીને, એને અજ્ઞ સમાજમાં પ્રકાશવાદ્વારા પોતાના ઉત્કર્ષની લાલસા જે રાખે છે, એ તે કલ્પિત ભૂલોની કે કલ્પિત ન્યૂનતાની પોકળતા, યુક્તિવિરુદ્ધતા, અને મનોમાત્ર જન્યતા પુરવાર થયેથી ભારે અપકર્ષ પામે છે. ત્યારે, મહાપુરુષનું અવમાન કર્યાનું પાપ તો જે પહેલાં થઇ ચૂકેલું, તે તદવસ્થ રહે છે એ વધારામાં; માટે જ ઘોર પાપ કરાવનાર આત્મોત્કર્ષની લાલસા જતી કરવા જેવી છે. એમ કરવામાં સાચી આત્માની ઉન્નતિને જન્મવા અવકાશ મળે છે, અને ઉન્નત આત્માની અવગણનાથી બચી એમની ગુણપૂજાના સુકૃતકારી બનાય છે.

**આત્મોત્કર્ષનું એક દૃષ્ટાન્ત**–અનેક અનુપમ જૈન ગ્રન્થો પૈકી **શ્રી પંચસૂત્ર** એ એક ભવ્ય ગ્રન્થ છે. એમાં મોક્ષના એટલે કે ઉચ્ચ પ્રકાશના પંથે વિહરવાનું ઊંચું માર્ગદર્શન છે. ગ્રન્થની અતિ ઉત્તમતા અને સર્વોપયોગિતા જોઇ, સમર્થ શાસ્ત્રકાર સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે એના પર ટૂંકી પણ ગંભીર ટીકા લખી છે, જેના પ્રભાવે જ ગ્રન્થના ભાવ અને રહસ્યનો સુંદર પ્રકાશ આપણે પામી શકીએ છીએ. વર્ષો પૂર્વે આ પંચસૂત્રનો ઇંગ્રેજી અનુવાદ અને ટિપ્પણ એક જૈનેતર પ્રો. ઉપાધ્યેએ પુસ્તકરૂપે પ્રગટ કરેલ છે. પ્રોફેસર પ્રાકૃત ભાષાના અભ્યાસી છે. ગ્રન્થના અધ્યયન માટે ઇંગ્રેજી ભાષાદ્વારા અનુકૂલતા કરી આપવા એમણે પરિશ્રમ ઉઠાવ્યો છે. પરંતુ ખેદ સાથે કહેવું પડે છે કે–જેમની ટીકાના આલંબને એ પંચસૂત્રના ભાવ

---

લોકોત્તર વ્યવહાર કહી શકાય, છતાં પૌદ્ગલિક દૃષ્ટિથી પણ જો સર્વજ્ઞના કહ્યા પ્રમાણે વર્તે તો તેને પણ લોકોત્તર વ્યવહારમાં ગણી શકાય પણ તે વિકાસનું કારણ ન હોવાથી તાત્ત્વિક ધર્મ કહી શકાય નહિ. કારણ કે તે શ્રમ આત્માને માટે નથી કરાતો પણ પરપૌદ્ગલિક શુભ કર્મ બંધ માટે કરાય છે. પૌદ્ગલિક સુખ માટે પૌદ્ગલિક પુન્યકર્મની જરૂરત રહે જ છે, તે સિવાય તો પૌદ્ગલિક સુખના સાધન મેળવી શકાય નહિં. પુન્યબલથી જડાત્મક વસ્તુઓનો દેહની સાથે સંયોગ થવાથી જે સુખ માનવામાં આવે છે તેને પૌદ્ગલિક સુખ કહેવામાં આવે છે. આવા પૌદ્ગલિક સુખ માટે ઇરાદાપૂર્વક ધાર્મિક પ્રવૃત્તિ કરવામાં દેહ દૃષ્ટિને પ્રધાનતા આપવામાં આવે છે; કારણ કે તે પાંચે ઇંદ્રિયોના સમૂહરૂપ દેહને અનુકૂળ સાધનોની પ્રાપ્તિ માટે જ પુન્યોપાર્જન કરવાના હેતુથી જેમાંથી આત્મા શુદ્ધ થાય તેવી તપ–જપ આદિ પ્રવૃત્તિનો આદર કરે છે કે જેને અનાત્મ દૃષ્ટિની અપેક્ષાથી ધર્મ ન કહી શકાય પણ પુન્યોપાર્જનની આત્મશ્રદ્ધા હોવાથી આવી પ્રવૃત્તિને પણ ધર્મની કોટીમાં મૂકી શકાય. માત્ર વર્તમાન દેહને આશ્રયીને કાન, આંખ તથા જીભના વિષય માટે જ પુન્યબંધના આશયને છોડી દઇને ક્ષુદ્ર વાસનાઓ પોષવાના હેતુથી તપ–જપ આદિ પ્રવૃત્તિ આદરવામાં આવે તો તે સ્પષ્ટ ધંધા તરીકે જ ઓળખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઇક સમજી શકયા હશે, તે મહાન જૈન જ્યોતિર્ધર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના લેખમાં કલ્પિત ભૂલો અને ન્યૂનતાઓ દાખવવાનો અનુચિત યત્ન કર્યો છે. એ યત્નમાં ઊલટું પોતાની અજ્ઞતા, અસંગતતા, કે યુક્તિબાહ્યતા સ્પષ્ટ દેખાય છે. કમનસીબે એમનું પ્રકાશન હમણાં હાથમાં આવવાથી આ ખુલાસો મોડો પડે છે. છતાં ય, એ પ્રકાશન જાહેર હોવાથી આ ખુલાસો જાહેર રીતે કરવો જરૂરી રહે છે.

**ભૂલ કે ન્યૂનતાની અસત્કલ્પનાના નમૂના**—ટીકાકાર મહર્ષિએ શ્રી અરિહંતની એક વધુ વિશેષતા બતાવવા 'અરુહંત' પદ લઇ 'કર્મબીજના અભાવે જેમનામાં ભવાંકુર નથી ઊગતા તે' એવો અર્થ કર્યો છે. અહિં પ્રોફેસર આ અર્થના વિરોધમાં કહે છે કે–અરુહંતનો અર્થ અરિહંત જેવો જ છે, કેમકે સંસ્કૃત અર્હ શબ્દના જ 'અરિહ' 'અરુહ' અને 'અરહ' એવા પ્રાકૃત રૂપાંતર છે, પરંતુ પ્રો૦ એ જોવું ભૂલ્યા કે–'અરુહ' એ જેમ સંસ્કૃત અર્હ શબ્દ પરથી **તદ્ભવ** પ્રાકૃત છે, તેમ સંસ્કૃત અરુહ શબ્દ પરથી **તત્સમ** પ્રાકૃત રૂપ પણ છે, જેનો નિર્દેશ ટીકાકારે કર્યો છે. આમાં ખામી કયાં?

વળી 'તસ્સ પુણ વિવાગસાહણાણિ' એ મૂળ પંક્તિના 'તસ્સ' પદનો ટીકાકારે કરેલો 'ભવ્યત્વાદિનો' એ અર્થ અયોગ્ય માની, 'પાપકર્મનો' એવો ઠીક અર્થ પ્રોફેસર કરવા ગયા. (આમ કરીને આજની નવીન પ્રજાને એમ બતાવવું હશે કે પૂર્વાચાર્યો આવી અનેક બાબતોમાં ભૂલ્યા છે!) પરંતુ પ્રો૦ એ જોવું ચૂકયા કે 'તસ્સ' પદથી પાપકર્મનો પૂર્વ–પરામર્શ કરવા માટે 'પાવકમ્મ' નું અલગ પદ નથી. કદાચ 'પાવકમ્મવિગમો' એવા સમસ્ત પદમાંથી આકર્ષવું હોય તો પણ 'તસ્સ' એવું એક વચનમાં નહિ પણ બહુવચનમાં જોઇએ. કેમકે ખુદ પ્રો૦ પોતે પૂર્વે પાપકર્મને બહુવચનમાં લીધું છે, ઉપરાંત ચતુઃશરણ વગેરે પાપકર્મના વિપાક માટે નથી. એ તો પાપકર્મની સ્થિતિ પાકેથી થશે.

'મિચ્છામિ દુક્કડં' માં 'મા પ્રચ્છામિ દુક્કડં' એવો નવો અર્થ કલ્પી 'પ્રચ્છામિ સુકડં' ની હરોળમાં મૂકવા જતાં એ ભૂલ્યા કે એથી તો 'હું વર્તમાન કે ભવિષ્યમાં દુષ્કૃતને નથી પ્રચ્છતો' એટલો જ અર્થ થશે, પણ અતીત દુષ્કૃતનું શું? એના અંગે આત્મામાં વસેલી અનુમોદના, મમત્વ, અપશ્ચાત્તાપ અને ભાવિ અશુભાનુબંધનું શું? એ દૂર કરવા માટે તો ટીકાકારે શાસ્ત્રાનુસારે કહેલા મૃદુત્વ, છાદન, પશ્ચાત્તાપ વગેરે ભાવોથી ભરેલા 'મિથ્યા મે દુષ્કૃતમ્' એવા અર્થની જરૂર છે.

ત્રીજા સૂત્રમાં 'કાલસહાણિ' પદમાં પ્રોફેસર 'કાલ' નો અર્થ 'મૃત્યુ' લેવા ગયા, અને તેથી 'સહ' નો અર્થ 'સહિત' એવો કર્યો. આ અર્થ તદ્દન **ખોટો અને અસંગત** છે (૧) ખોટો એટલા માટે કે 'મૃત્યુ સહિત' એવા અર્થ માટે તો 'સહકાલાણિ' પદ જોઇએ; જેમ કે, **सहरामो जनको गच्छति** । અહિં 'રામસહો' લખે તે ખોટું. હવે (૨) અસંગત એટલા માટે કે એ પ્રકરણનો ભાવ ઔષધ લેવા જવાનું જે કહે છે, તે ઔષધ લઇને આવતા સુધીમાં માતાપિતા વ્યવહારથી હજી જીવવા સંભવે છે અર્થાત્ 'કાલસહ' છે કાળને સહે તેમ છે, (થોડો વખત કાઢે તેમ છે) જેથી ઔષધ ઉપયોગ લાગે, એટલા માટે અહિં માતા-પિતા 'કાલસહ' એટલે 'મૃત્યુવાળા' છે, એમ કહેવું કેટલું બધું અસંગત છે!

આવી તો કેઇક ગંભીર સ્ખલનાઓ અને અન્યાય પ્રોફેસરે કર્યા છે. જેમાંની ચાલીસનો તો નિર્દેશ ખંડન સાથે 'ઉચ્ચ પ્રકાશના પંથે' ની પ્રસ્તાવનામાં મેં કર્યો છે. આવાં પ્રકાશનદ્વારા યુનિવર્સીટી કેવી વિદ્યા અને ઉપાધિ આપે, જૈન મહર્ષિ અને પદાર્થોને કેવો અન્યાય થાય, બાળજીવોને પ્રાચીનો પ્રત્યે કેવું અવમાન થાય વગેરે નુકસાનો વિચારણીય છે. ગુરુગમ વિનાની, વિનય–બહુમાન વિનાની, અને ગ્રન્થના પદાર્થોના પૂર્વાપરના દીર્ઘ અને સૂક્ષ્મ આલોચન વિનાની તત્ત્વાધ્યયનની સ્થિતિ સ્વપરને અનર્થ નીપજાવે છે, એ ભૂલવું જોઇતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " આપણા અને પરમાત્મા વચ્ચે આપણો અહંકાર અંતરાય છે "

નિત્ય અભીમાનના, ઓટલે ઊભીને,
જીવ મમતા, તણી મ્હોર મારે.

હું કરૂં હું કરૂં, મારૂં આ છે બધું,
એમ ગુંચાય, સંસાર ગારે.

હું જ સરવો પરી, ધનિક વિદ્વાન છું.
મારૂં મારૂં, નગારૂં વગાડે.

હાય અભિમાનના, પંકજે ગબડતા,
માનવી કિમતી, જીવન ગાળે

---

# " ઊઠો, જાગો ! "

ઊઠો, જાગો ! સવારમાં ઇશ્વરનો પ્રકાશ આવીને આપણી ઊંઘ ઉડાડી દે છે, આખી રાત્રિની ઘસઘસાટ ઉંઘ એક પળમાં ચાલી જાય છે. પરંતુ સંધ્યા વેળાનો પેલો મોહ કોણ ભાંગશે ? આખા દિવસના વિચારો અને કર્મોથી આપણી ચારે બાજુ જે એક પ્રકારનું ધુમસ છવાઇ જાય છે, તેમાંથી ચિત્તને નિર્મળ ઉદાર શાંતિમાં કેવી રીતે સ્થાપીશું ? આવડો મોટો દિવસ એક કરોળિયાની માફક પોતાની જાળ વિસ્તારતો આપણને ચારે બાજુથી ફસાવી રહ્યો છે; ચિરંતનને, ભૂમાને પોતાની ઓથે આવરી રહ્યો છે ! આ બધી જાળને ભાંગી તોડીને આપણી ચેતનાને અનંતમાં સજાગ કરવી જોઇશે. બધાંને જાગવાને સમય થયો છે !

જ્યારે દિવસ અનેકવિધ કર્મો, અનેકવિધ વિચારણાઓ અને અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા આપણને ચાકે ચડાવી રહ્યો હોય છે. જ્યારે અખિલ વિશ્વ અને આપણા આત્માની વચ્ચે તે એક પ્રકારનું આવરણ ખડું કરી દે છે, ત્યારે જો વારંવાર આપણે આપણી ચેતનાને **उत्तिष्ठत जाग्रत** કહીને ઉદ્‌બોધિત ન કરીએ, જો આ જાગરણનો મંત્ર હર પળે વ્યવહારિક કાર્યોની વચ્ચે રહ્યાં છતાં આપણા અંતરાત્માથી ધ્વનિત ન થાય તો એક પછી બીજા ચક્રાવામાં, એક પછી બીજી જાળમાં આપણે ફસાઇ જ જવાના અને ત્યાર પછી એ તમસમાંથી, એ જડતામાંથી બહાર નીકળી જવાની આપણને ઇચ્છા સરખીયે નહિ થાય. પરિણામે આસપાસની પરિસ્થિતિને આપણે અત્યંત સત્યરૂપે માની લઇએ. તેથી યે પર જે ઉન્મુક્ત વિશુદ્ધ શાશ્વત સત્ય રહેલું છે તે પર આપણો વિશ્વાસ ન રહે. અને સૌથી વિચિત્ર તો એ થાય કે તે સત્ય તરફ સંશય અનુભવવા પૂરતી સજાગતા પણ આપણામાંથી ઓસરી જાય ! માટે જ્યારે આખા દિવસનાં અનેકવિધ કર્મોનો કોલાહલ મચી રહ્યો હોય, ત્યારે આપણા મનની ગંભીરતામાં " ઊઠો, જાગો "નો ધ્વનિ અસ્ખલિતરૂપે ઊઠ્યાં કરો !

સંગૃહિતઃ—**કું-કમળાબહેન સુતરિયા,** એમ. એ. બી. ટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સોનેરી સુવાક્યો

હે જિનેન્દ્ર ! આપનું દર્શન થવાથી આજે મારા મોહપાસ છેદાઇ ગયા છે. મારા રાગાદિ શત્રુઓ જિતાઇ ગયા છે. અને મને મોક્ષનું સુખ પ્રાપ્ત થયું છે.

હે નાથ આપના દર્શન થવાથી આજે મારા શરીરમાં રહેલો મિથ્યાત્વ અંધકાર હણાઇ ગયો છે અને જ્ઞાન સૂર્ય ઉદય પામ્યો છે.

શ્રી જિનેશ્વર દેવના દર્શનથી પાપનો નાશ થાય છે. વન્દનથી વાંછિત ફળ મળે છે અને પૂજવાથી સર્વ સમૃદ્ધિ મળે છે.

હે કૃપાલુ ! આપના દર્શનથી આજે મારા કર્મનો સમુહ નાશ પામ્યો છે. અને હું દુર્ગતિથી નિવૃત થયો છું.

વિપત્તિઓ સાચી વિપત્તિ નથી. અને સંપતિઓ સાચી સંપત્તિ નથી. શ્રી વીતરાગ દેવનું વિસ્મરણ એજ વિપત્તિ છે. અને વીતરાગ દેવનું સ્મરણ એજ સંપત્તિ છે.

હે વીતરાગ દેવ ! આપ કલ્પતરૂના પણ કલ્પતરૂ છો, ચિન્તામણીથી પણ અધિક છો તથા દેવોને પણ પૂજ્ય છો.

શ્રી જિન પૂજા વખતે કરેલો ધૂપ પાપને બાળે છે, દીપક મૃત્યુનો નાશ કરે છે તથા પ્રદક્ષિણા મોક્ષને આપે છે.

હે જિનેશ્વર ! આપના દર્શનથી વિમુખ હું સાર્વભૌમ ચક્રવર્તિ પણ ન થાઉં કિન્તુ આપના દર્શનમાં તત્પર મનવાલો આપના ચૈત્યમાં, એક પક્ષી થાઉં તો પણ મારે કબુલ છે.

જે જીભ પરમાત્માના ગુણ ગાનમાં તત્પર નથી તે જીભ મુંગી હોય તે સારી છે.

શ્રી જિન ભક્તિ એ મુક્તિ નીદુતિ અને શાશ્વત સુખનું લોહ ચુંબક છે.

**વૈદ્ય કવિ વેલજીભાઈ ( અચ્છાબાબા )**
**જામનગર.**

## વર્તમાન સમાચાર

### આચાર્યપદવી મહોત્સવ.

સંવત ૧૯૪૩ નાં કારતક વદી. પાંચમનાં શુભ દિવસે પાલીતાણામાં ભારતવર્ષીય જૈન શ્વેતાંબર શ્રી સંઘે ૬૫ વર્ષ પૂર્વે પૂજ્યપાદશ્રી આત્મારામજી મહારાજ સાહેબને આચાર્ય પદવીથી વિભૂષિત કર્યા હતા.

આ વર્ષે તેઓશ્રીના પટ્ટપ્રભાવક અજ્ઞાન તિમિર તરણિ કલિકાલ કલ્પતરૂ, પંજાબ કેશરી આચાર્ય શ્રી વજયવલ્લભસૂરિજી મહારાજ ચોમાસું બિરાજમાન છે તેથી ગુરૂભક્તિ નિમિતે કારતક વદી ૩-૪-૫નાં રોજે ઉપરોકત આચાર્ય પદવી નિમિતે મહોત્સવ કરવામાં આવ્યો હતો. ત્રણેય દિવસોમાં પૂજ્ય આચાર્યશ્રીજીએ હાલમાં બનાવેલી ૯૯ અભિષેકની પૂજાઓ સમારોહથી ભણાવવામાં આવશે.

## સ્વીકાર-સમાલોચના

**(૧) પ્રારંભિક-પાઠયક્રમ ગ્રંથ**-પ્રકાશક:-શ્રી જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના. કિંમત રૂા. ૧-૦-૦ પ્રકાશક શ્રીલબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા-ગારીયાધાર.

ઉપરોકત શિક્ષણ સંસ્થા તરફથી નિત્ય આવશ્યક ક્રિયાના પાયારૂપ અને જૈન બાળકોના પ્રારંભિક શિક્ષણક્રમ મૂલ સૂત્ર, અન્વયાર્થ, સૂત્રાર્થ, ભાવાર્થ, પરિમલ અને પ્રશ્નોતરીરૂપે બની શકે તેટલી સરલ રીતે ગોઠવવામાં આવ્યો છે. જેમાં પ્રથમ વિભાગમાં નવકારમંત્રથી સંસારદાવાનલ સુધી, બીજા વિભાગમાં પંદર તીર્થો, સોલ સતીઓ, ચોવીશ જિનેન્દ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવો, દેવપાલ અને મહાવીર પ્રભુનું ચરિત્ર અને પ્રશ્નોત્તરી આપવામાં આવેલી છે. એકંદરે શિક્ષણ-ક્રમ ઠીક ગોઠવાયેલ છે. જૈન જગતમાં અમારે કહેવું જોઇએ કે જુદી જુદી શિક્ષણ સંઘ, સંસ્થા, કોન્ફરન્સ, બોર્ડિંગો કે જૈન શાળાઓ વગેરે જુદી જુદી સંસ્થાની કૃતિના અભ્યાસક્રમો તૈયાર કરી ઘણેખરે સ્થળે ચલાવવામાં આવે છે. પરીક્ષાઓ પણ જુદી જુદી સંસ્થાઓ તરફથી ઘણેખરે સ્થળે લેવાય છે, તેને બદલે કોઇ સર્વમાન્ય એક જ સંસ્થા અને એક જ અભ્યાસક્રમ તૈયાર કરી તે એક જ સર્વ સ્થળે ચલાવવામાં આવે અને એક જ દિવસે પરીક્ષાઓ લેવાય અને પાંચ દશ વર્ષે સમયોચિત અભ્યાસક્રમમાં જોઇતો ફેરફાર *નિષ્ણાતોની કમીટી* દ્વારા થાય એ ઇચ્છવા યોગ્ય છે.

---

**(૨) શ્રી સપ્તભંગી મીમાંસા તથા નિક્ષેપ મીમાંસા પ્રકરણ ગ્રંથ**—શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા–અમદાવાદ ઝીકાભટની પોળનો ૬૨–૬૩ માં ગ્રંથ તરીકે આ ગ્રંથના રચયિતા પ્રાતઃસ્મરણીય પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન સુશિષ્ય પંન્યાસજી શ્રી શિવાનંદવિજય ગણિ છે. વાદિ દેવસૂરિ, મલ્લવાદિ, રત્નપ્રભસૂરિ અને શ્રીમદ્ યશોવિજયજી મહારાજ જેવા વિદ્વાન પૂર્વાચાર્યોની કૃતિ ઉપરથી સ્વ અને પર શાસ્ત્રદ્વારા ઉપરોક્ત સપ્તભંગી અને નિક્ષેપાનું સ્વરૂપ સંસ્કૃત ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. બંને ગ્રંથની અનુક્રમણિકા જોવાથી આ ગ્રંથમાં કઇ કઇ બાબતો આપવામાં આવેલી છે તે જણાય છે. આવા ગ્રંથોનો જેટલો બની શકે તેટલો ગુજરાતી અનુવાદ આપવામાં આવે તો તે ભાષાના જાણકાર વિશેષ લાભ લઇ શકે. કિંમત. રૂા. ૧–૮–૦ પ્રકાશકને ત્યાંથી મળી શકશે

---

**( ૩ ) શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો છત્રીશમો વાર્ષિક રિપોર્ટ**:—આખા ભારતવર્ષમાં અજોડ, ઉદ્દેશ પ્રમાણે કામ કરતી, પ્રગતિ સાધતી જૈન સમાજની શિક્ષણ સંસ્થા, શિક્ષણને ઉત્તેજન આપનારી સંસ્થા આ એક જ છે. આખા રિપોર્ટનું અવલોકન કરતાં કાર્યવાહકો માટે માન ઉત્પન્ન થયા સિવાય રહેતું નથી. આવા કપરા મોંઘવારી, મુશ્કેલીવાળા સમયમાં પણ સમાજને ટકાવવો હોય, તો સમાજના બાળકોને કેળવણી આપ્યા વગર ચાલે તેમ નથી. અને આ જ સંસ્થા તે માટે પ્રથમ સ્થાન ધરાવે છે. આ સંસ્થા પાસે દર વર્ષે સંખ્યાબંધ અરજી આવે છે છતાં સ્થળ અને નાણાના અભાવે બધાને દાખલ કરી શકાતા નથી. આવી સ્થિતિ હોવાથી જૈન સમાજની શિક્ષણદ્વારા આવી સેવા કરનારી સંસ્થાને ભાવિમાં ધર્મ ટકાવવા, સમાજને જીવંત રાખવા, બીજા ધર્મ, કોમો કરતાં શિક્ષણમાં પ્રથમ સ્થાન ધરાવે તે માટે શ્રીમંત જૈન બંધુઓ જૈન સમાજ પ્રથમ દર્શને દાનનો પ્રવાહ કેળવણી તરફ વાળવા આ સંસ્થાને જોઇતાં, ખૂટતાં નાણા વેલાસર આપવા જરૂર છે કે જે સંસ્થામાં ઉચ્ચ કેળવણી સાથે ધાર્મિક શિક્ષણ પણ અપાય છે. જૈન સમાજના ભાવિ ઉદય માટે પણ આ સંસ્થાને જોઇતી ત્રુટીઓ પૂરી કરવાની અમે નમ્ર સૂચના કરીએ છીયે.

---

**શ્રી રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળાનો ૨૧ મો ગ્રંથ.**

શ્રીમદુમાસ્વાતિ વિરચિતમ્ **પ્રશમરતિ પ્રકરણમ્** શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સહિત મૂળ ટીકા અને હિંદી અર્થ ભાવાર્થવડે ભાષાંતર સહિત સમ્પાદકઃ–રાજકુમારજી સાહિત્યાચાર્ય પ્રકાશકઃ શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ, ઝવેરી બજાર મુંબઇ. આ ગ્રંથ અતિ પ્રાચીન વૈરાગ્ય–અધ્યાત્મ સંબંધી કષાય, રાગાદિ, આઠ મદ વગેરે બાવીશ અધિકાર ઉપર હિંદી ભાષામાં વિવેચન કરવામાં આવેલું છે કિંમત રૂા. પાંચ.

---

શ્રી સિદ્ધસેન દિવાકરવિરચિત; **ન્યાયાવતાર** ગ્રંથ ભાષા સહિત, પ્રકાશક–શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુંબઇ ( શ્રી રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળાનો ૨૦ મો ગ્રંથ) આ ગ્રંથમાં ઉપરોક્ત મૂળ સાથે શ્રી સિદ્ધર્ષિગણિની ટીકા તેના હિંદી અનુવાદ સહિત પ્રકટ કરવામાં આવેલ છે. ( અનુવાદક પં. વિજયમૂર્તિ શાસ્ત્રાચાર્ય ( જૈન દર્શન ) એમ. એ. તત્ત્વજ્ઞાન કે બીજા વિષયોના ગ્રંથોના અનુવાદ કરતાં ન્યાયના ગ્રંથનો અનુવાદ કરવો તે ગમે તે ન કરી શકે તેમ સમાલોચના પણ ન્યાયના નિષ્ણાત વિદ્વાનો જ કરી શકે.

આ ગ્રંથમાં ૩૨ કારિકાઓ છે. ન્યાયના મુખ્ય સિદ્ધાંત ઉપર પ્રમાણ, તેનું લક્ષણ, તેના ભેદો, અનેકાંતિક હેત્વાભાસિક વગેરે તેમજ પ્રમાણ તથા નયના વિષયોનું નિરૂપણ વગેરે અનેક વિષયો અનુવાદમાં ઉતારેલ છે. કિંમત ૭ રૂપીયા. બંને ગ્રંથો મળવાનું સ્થળ–મુંબઇ, ઝવેરી બજાર.

---

**નીચેના ગ્રંથો મુનિશ્રી નાનચંદજી મહારાજ તરફથી ભેટ મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ—**

૧. ઉત્તરાધ્યયન સૂત્રનું ગુજરાતી ભાષાંતર
૨. સંસ્કૃત સ્તોત્ર સંગ્રહ.
૩. જૈન સિદ્ધાંત પાઠમાળા.
૪. સુબોધ કુસુમાવળી
૫. સંસ્કૃત કાવ્યાનંદ ભા. ૧
૬. ,, ,, ૨
૭. ,, ,, ૩
૮. જૈન સિદ્ધાંત પ્રકરણ સંગ્રહ
૯. ભજનપદ પુષ્પિકા
૧૦. સામાયિક સ્વરૂપ
૧૧. આધ્યાત્મિક ભજનપદ પુષ્પમાળા
૧૨. આધ્યાત્મિક પ્રબંધાવલી

---

**શેઠ દેવચંદ પુનમચંદ પાટણવાળાનો સ્વર્ગવાસ.**

શેઠ દેવચંદ પુનમચંદ પાટણવાળા જેઓ ઘણાં વર્ષોથી મુંબઇમાં બીઝનેસ કરતા હતા, તેઓ બે–ત્રણ માસની માંદગી ભોગવી હાર્ટફેલથી અવશાન પામ્યા છે. ઘણાં વર્ષોથી તેઓ આ સભાનાં લાઇફ મેમ્બર હતા. સ્વભાવે મિલનસાર, માયાળુ અને પરોપકારી હતા. દેવ–ગુરુની ભકિતવાળા ધર્મ શ્રદ્ધાળુ હતા. તેમના અવસાનથી સભાને એક લાયક સભ્યની ખોટ પડી છે. સદ્ગતનાં આત્માની પરમ શાંતિ ઇચ્છીયે છીયે.

**શેઠ પરમાણંદદાસ નરસીદાસનો સ્વર્ગવાસ.**

શ્રીયુત પરમાણંદદાસ શુમારે સાઠ વર્ષની વૃદ્ધ વયે ઘણા માસની બિમારી ભોગવી કારતક શુદી ૧૩ રવિવારના રોજ પંચત્વ પામ્યા છે. સામાન્ય શિક્ષણ મેળવી પૂજ્ય પિતાશ્રીની ચાલતી અનાજની પેઢીમાં મ્હોટાભાઇ જાદવજીભાઇ સાથે તે પેઢીમાં જોડાયા અને ક્રમેક્રમે મ્હોટાભાઇ સાથે વ્યાપારી લાઇનનું નિષ્ણાતપણું પ્રાપ્ત કરી મુંબઇ પણ પેઢીની સ્થાપના કરી. ભાગ્યવશાત પૂર્વ પુણ્યયોગ વધતાં વધતાં લક્ષ્મી સારી ઉપાર્જન થતી ગઇ, તેમ તેમ અનેક ધાર્મિક ખાતાઓમાં સખાવતો કરવા લાગ્યા. કેટલાક વખત પહેલાં શારીરિક સ્થિતિ બગડતી ચાલવાથી મ્હોટાભાઇથી સંપપૂર્વક છુટા થઇ સ્વતંત્ર ધંધો ચલાવવા લાગ્યા. શારીરિક સ્થિતિ જોઇએ તેવી ન રહેવાથી આત્મકલ્યાણ માટે અત્રેના નવા તૈયાર થયેલા મુખ્ય જિનમંદિરમાં સારી રકમ ખરચી શ્રીશાંતિનાથપ્રભુની પ્રતિષ્ઠા કરી અને ગામની અંદર પોતે તૈયાર કરેલા નવા મકાનમાંથી એક વિભાગ ભાવનગર જૈન સંઘને ઉપાશ્રય વગેરે ધાર્મિક કાર્ય કરવા માટે તે નવું મકાન અર્પણ કરવાની ભાવના થઇ. ઘણા વખત પહેલાં શ્રી પરમાણંદદાસ આ સભાના માનવંતા પેટ્રન થયા હતા. આવા એક શ્રદ્ધાળુ જૈન બંધુના સ્વર્ગવાસથી અત્રે જૈન સંઘ અને આ સભાને ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર થવા આવ્યો છે માગશર વદી ૧૦ પ્રકટ થાશે.

## શ્રી બૃહત્કલ્પસૂત્ર-છઠ્ઠો ( છેલ્લો ) ભાગ સંપૂર્ણ.

આ પૂજ્ય આગમનો પાંચમો ભાગ પ્રકટ થયા પછી આ છેલ્લો વિભાગ ઘણા વખતે પ્રગટ થાય છે. આ છઠ્ઠો ભાગ સંપૂર્ણ છપાયા બાદ તેની પ્રસ્તાવના માટે પાટણ, લીંબડી, ખંભાત વગેરે ભંડારો અને છેવટે જેસલમેરના પ્રાચીન જૈન ભંડારોની તાડપત્રીય, અને હસ્તલિખિત પ્રતો સાથે રાખી, મૂળ, ચૂર્ણિ, નિર્યુક્તિ વગેરેના પાઠભેદો, પાઠાંતરો, અશુદ્ધિઓ, વગેરે સાથે પૃષ્ઠ, શ્લોકોનો સમન્વય કરી તે સર્વ પ્રતો માંહેની સર્વ નોંધ, માહિતનું તારણ કરીને આ વિભાગની પ્રસ્તાવનામાં આપવાનું હોવાથી પ્રકટ થતાં વિલંબ થયો છે; તેટલું જ નહિં પરંતુ સંશોધક સાથે મહાન પ્રયત્નવડે સાક્ષાર શિરોમણિ, મહાન સંશોધક મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે મહામૂલી, પ્રમાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુંદર સંકલનાપૂર્વક તૈયાર કરેલ તે પ્રસ્તાવના આ ભાગમાં આપવામાં આવી છે હાલ તે પ્રેસમાં છપાય છે તે છપાયા બાદ, કપડાનું મજબુત બાઈડીંગથી તૈયાર કરવામાં આવશે જેથી તે શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણક ( પોશ દશમે ) પ્રકટ થશે.

ગ્રંથનું સંશોધનકાર્ય અને મહત્વપૂર્ણ આ પ્રસ્તાવના વિદ્વતાપૂર્ણ રીતે કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજે તૈયાર કરેલી છે જે જૈન સમાજ ઉપર જેવો તેવો ઉપકાર, નથી જે પ્રગટ થયા બાદ વિદ્વાન પૂજ્ય આગમવેત્તા મુનિરાજો, જૈનેતર વિદ્વાનો આ ગ્રંથની પ્રશંસા કર્યા સિવાય રહેશે નહિ તેટલું જ નહિ પરંતુ ભાવિમાં પણ સંપાદક કૃપાળુ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ માટે, તેઓશ્રીની અપૂર્વ વિદ્વત્તા માટે તેના પઠનપાઠન કરનારા વિદ્વાન, મુનિરાજો આગમનું યથાર્થ જ્ઞાન ધરાવનારા પંડિતો પ્રશસા કરવા સાથે તેઓશ્રી ઉપર પૂજ્યભાવ પ્રગટ થયા સિવાય રહેશે નહિં અને તેઓશ્રીની એક ઉત્તમ પંક્તિના વિદ્વાન મુનીશ્વર તરીકે પણ ગણના થશે.

આ ગ્રંથ ઉંચા ટકાઉ લેઝર ચોપન રતલી કાગળો ઉપર, સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર મુંબઈ પ્રેસમાં છપાયેલ છે. ઘણો જ મ્હોટો ભાગ થયેલ હોવાથી તેમજ સખ્ત મોંઘવારી અને વધતા જતાં છાપખાના દરેક સાહિત્યના ભાવો વધતા જતાં હોવાથી આ પૂજ્ય આગમ ગ્રંથ હોવાથી ઘણા વર્ષો સુધી ટકી શકે, સચવાય અને જ્ઞાનભંડારોના શણગારરૂપ બને તે દૃષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમાં સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

કિંમત રૂા. ૧૬) સોળ પોસ્ટેજ જુદું. લખો

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે પછી **નવા થનારા લાઈફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઈફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે. કિંમત રૂા. ૧૩) તેર.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત–

## શ્રી ત્રિષષ્ટિશ્લાકા પુરુષ ચરિત્ર મૂળ.

(બીજો ભાગ–પર્વ ૨, ૩, ૪.) (શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી)

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઈઝમાં છપાઈ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઈને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત ૭ રૂપીયા પોસ્ટેજ અલગ.**

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

(ઘણી થોડી નકલો સિલિકે રહી છે.)

### શ્રી માણિકયદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે. તેની ભાવભરીત ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઈડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭–૮–૦ પોસ્ટે જ જુદું.

---

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત સુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ (ગ્રંથ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, સુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઈડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઈ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઈ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only